PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨/ક્વા-૦૪/૨૦૨૨-૨૩/ ૧૧૪૭-૨ તારીખ : ૦૪ - ૦૩ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી સુધીરભાઈ દત્તા
બ્લોક નં. ૭૧, સદગુરૂ પાર્ક , રુદ્ર ઓફિસની બાજુમાં, નાગરિક બેંકની પાછળ, મોદી સ્કુલની સામે,૧૫૦ ફુટ રીંગરોડ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૫
મોબાઈલ : ૯૯૦૪૩૪૫૦૪૦

વિષય : રાજકોટ સોમનાથ ફીડર ખાતે વારંવાર વીજવીક્ષેપ થવા બાબતે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત પત્ર નંબર : Email , તા. ૦૯-૦૨-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૧૨/ક્વા-૦૪/૨૦૨૨-૨૩ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, કાલાવડ રોડ રાજકોટ શહેર.



Scanned with Oken Scanner

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

e-mail:forum.pgvcl@gebmail.com


પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૨/ક્વા-૪/૨૨-૨૩/ 11 ખ મ -2 તા. 04-03-22

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૧૨/ક્વા-૪/૨૨-૨૩, તા.૧૦-૦૨-૨૦૨૩

અરજદાર : શ્રી સુધીરભાઈ દત્તા, ગામ: રાજકોટ

રજૂઆત કરનાર : અરજદારશ્રી સુધીરભાઈ દત્તા

:: વિરુધ્ધ ::

સામાવાળા : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – શહેર-૩ રાજકોટ

રજૂઆત કરનાર : શ્રી એમ. આર. માકડિયા, કાર્યપાલક ઈજનેર, પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, શહેર-૩ રાજકોટ

:: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી એન.સી. મકવાણા

૨) સભ્ય (સ્વતંત્ર) - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

સુનાવણી સ્થળ : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી, રાજકોટ

તારીખ : તા.૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર)

૧.૦ અરજદાર દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૩ ના રોજ સોમનાથ ફીડરમાં વારંવાર વીજ વિક્ષેપની ફરિયાદ અન્વયે અત્રેના ફોરમને ઈમેઈલ મોકલાવેલ જે અન્વયે ફરિયાદની નોંધણી માટે ઘટતી માહિતી રજુ કરવા ફોરમ દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૩ થી ઈમેઈલ દ્વારા અરજદારને જાણ કરેલ જેનો અરજદાર દ્વારા કોઈ પ્રત્યુતર અત્રેના ફોરમમાં રજુ કરેલ નથી.

ત્યારબાદ અરજદાર દ્વારા તા.૨૯-૦૧-૨૦૨૩ ના રોજ નામદાર જીઈઆરસીમાં પણ ઈમેઈલ દ્વારા સદર ફરિયાદ ઈમેઈલ દ્વારા મોકલાવેલ, જે ફરિયાદ અત્રેના ફોરમને ઈમેઈલ દ્વારા તા.૦૯-૦૨-૨૦૨૩ ના રોજ નિયમાધીન કાર્યવાહી અર્થે મોકલાવેલ, જે ફરિયાદ અત્રેના ફોરમ દ્વારા ખૂટતી માહિતી અરજદાર પાસેથી ટેલીફોનીક લઇને તા.૧૦-૦૨-૨૦૨૩ ના રોજ કેસ નં : ૧૨/કવા-૦૪/૨૨-૨૩ થી નોંધણી કરવામાં આવેલ.

૧.૧ સદર કેસની સુનાવણી તા.૨૧.૦૨.૨૦૨૩ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ગ્રાહક નંબર- ૩૯૯૮૫/૦૦૦૦૨/૧ થી ૫.૦ કિ.વોનું ઘરવપરાશ વીજજોડાણ ધરાવે છે, તેમજ છેલ્લા કેટલાક વર્ષોથી સોમનાથ ફીડરના એરિયાની આસપાસના સદગુરુ પાર્ક, કીડવાઈ નગર, સદગુરુ બંગ્લોઝ તેમજ સોમનાથ સોસાયટીમાં વારંવાર વીજવિક્ષેપો આવે છે, સદર બાબતે ઘણી વખત કસ્ટમર




Scanned with Oken Scanner

કેર સેન્ટર તેમજ પેટાવિભાગીય કચેરીના અધિકારી / કર્મચારીઓનો સંપર્ક કરેલ હોવા છતાં કોઈ ફરિયાદનું નિરાકરણ થયેલ ન હોવાથી, અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

૨.૧ સદર સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા રૂબરૂમાં તેઓના એરિયામાં વીજવિક્ષેપ બાબતે તા.૧૯-૦૭-૨૦૧૪ થી રાજકોટ-ફોરમ તથા નામદાર જીઈઆરસીને કરેલ ઈમેઈલ અન્વયે ફોરમ દ્વારા જે તે વખતે અરજીની નોંધણી ૩૪/કવા-૦૨/૧૪-૧૫ થી કરેલ હતી તેનો રેકર્ડ રજુ કરેલ છે, તેમજ શહેર વિભાગીય કચેરી નં-૩ ના પત્ર **RCD-3/T-1/COMP/CGRF/4463 Dtd:02-08-2014** માં જણાવામાં આવેલું કે અરજદાર દ્વારા ઇમેલ મારફતે તા.૨૪.૦૭.૨૦૧૪ થી કરવામાં આવેલ ફરિયાદના આધારે તેઓને તા.30.૦૭.૨૦૧૪ ના રોજ કાર્યપાલક ઈજનેર શ્રી પીજીવીસીએલ શહેર વિભાગીય કચેરી -૩ દ્વારા રૂબરૂ મુલાકાત લીધેલી અને અરજદાર સાથે વિસ્તૃત ચર્ચા પણ કરેલ અને ભવિષ્યમાં વારંવાર પાવર સપ્લાય ના ખોરવાય તે બાબતે જવાબદાર અધિકારીને સુચના આપવામાં આવેલ અને જરૂરી સર્વેક્ષણ કરી યોગ્ય સત્વરે સુચના પણ આપેલ અને ભવિષ્યમાં આવી ફરિયાદ ઉપસ્થિત ના થાય તે અંગે ખાતરી આપવામાં આવેલ હતી.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત મુજબ અરજદારશ્રી સુધીરભાઈ દત્તા દ્વારા સોમનાથ ફીડર ખાતે વાંરવાર વીજવિક્ષેપ થવા બાબતે રજૂઆત કરેલ છે. જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

3.૧ સદર ૧૧ કે.વી. સોમનાથ ફિડર ૬૬ કે.વી. રૈયાધાર સબસ્ટેશન માંથી અંડરગ્રાઉન્ડ કેબલ મારફતે ધરમનગર મેઇન રોડ, દેવજીવન હોટલ,સતાધાર પાર્ક,નાણાવટી ચોકડી પાસેનો વિસ્તાર રાજેશ્વરી પાર્ક, રામેશ્વર સોસાયટી,સેલસ હોસ્પીટલ, ટ્રીનીટી કોમ્પલેક્ષ, બાપાસીતારામ ચોક,નક્ષત્ર કોમ્પલેક્ષ, ચંદનપાર્ક સોસાયટી, કિડવાઇ નગર, સરકારી લાયબ્રેરી, પેરેડાઇઝ હોલ, દર્શન પાર્ક, સરકારી કર્મચારી સોસાયટી, અક્ષર સ્કુલ, ગુણાતીત નગર, સોમનાથ સોસાયટી-૨, જેવા ઘણા બધા વિસ્તારોમાંથી થઇને ૧૧ કે.વી. સોમનાથ ફિડરની વીજલાઇન પસાર થાય છે. સદર વીજલાઇનમાં વધારે ઘરવપરાશ તથા કોર્મશીયલ વીજવપરાશ ધરાવતા કનેકશનો આવેલા છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

3.૨ સદર ૧૧ કે.વી. સોમનાથ ફિડરની લંબાઇ ૭.૧ કિલોમીટર તથા ૯૩ નંગ ટ્રાન્સફોર્મર આવેલ છે, જેમાં પાછલા છ માસ દરમ્યાન વીજ વિક્ષેપો TT – PSD નિચે મુજબ નોંધાયેલ છે.

ઊપરોકત જે PSD લેવામાં આવેલા છે, તેનો વિગતવાર અહેવાલ નિચે મુજબ છે.

| | | |
|---|---|---|
| 1 | Aug-22 | ચોમાસાની સીઝન હોવાથી પીન ફોલ્ટ થયેલ હતા. |
| 2 | Sep-22 | મેઇનટનેન્સ કામ માટે તથા નવા કામ માટે બંધ કરાવેલ. |
| 3 | Oct-22 | નવા કામ માટે બંધ કરાવેલ. |
| 4 | Nov-22 | નવા કામ માટે તથા બે વખત જંપર ફોલ્ટ થયેલ હોવાથી બંધ કરાવેલ છે. |
| 5 | Dec–22 | RMC દ્વારા ફુટપાથનું કામ કરતા તા.૬/૧૨/૨૨, તા.૨૩/૧૨/૨૨ ના રોજ અંડરગ્રાઉન્ડ કેબલ ફોલ્ટ થયેલ હોવાથી અને તા.૨૦/૧૨/૨૨ એ લાઇબ્રેરી પાસે આગ લાગવાથી બંધ કરાવેલ. |
| 6 | Jan–23 | તા.૨૦.૦૧.૨૩ ના રોજ રૈયાધાર પાસે આવેલા પાણીના ટાંકાની લાઇન નાખતા અંડરગ્રાઉન્ડ કેબલ ડેમેજ કરેલ. |
| 7 | Feb-23 | તા.૦૨/૦૨/૨૩ ના રોજ RMC વોર્ડ ઓફીસ, અક્ષર સ્કુલ સામે આવેલ ટ્રાન્સફોર્મરમાં આઉટડોર બોક્ષ ફેઇલ થતા બંધ કરાવે. |

3.3 આમછતાં માનવંતા ગ્રાહકો માટે જયારે જયારે તેઓના ફિડરમાં કોઇ ફોલ્ટ થાય છે. ત્યારે એચટી-૩ પેટાવિભાગીય કચેરી કચેરી દ્વારા નજીકના બીજા ફિડરમાંથી તાત્કાલીક ધોરણે પાવર સપ્લાય આપી સદર સ્થળ પર વિજપ્રવાહ પુનઃપ્રસ્થાપીત કરી આપવામાં આવે છે. તેમજ પી.જી.વી.સી.એલ. કંપની



Scanned with Oken Scanner

દ્વારા સમાયાંતરે સદર ફિડરમાં સમારકામ પણ કરવામાં આવે છે, અને સદર સમારકામ કરાવતી વખતે વિજપ્રવાહ બંધ કરવાની આગોતરા જાણ પણ એસ.એમ.એસ. દ્વારા તેમજ સમાચારપત્રમાં પણ આપવામાં આવે છે. તેમજ સદર ફિડર બંધ થવા અંગેની માહિતી ગ્રાહકશ્રી સુધીરભાઇ દત્તાને મોબાઇલમાં મેસેજથી એચટી-૩ પેટાવિભાગીય કચેરી દ્વારા કરવામાં આવેલ છે, જેના સ્કીન શોટ્સ ફોરમ સમક્ષ રજુ કરેલ છે, તેમજ જયારે પણ અરજદારનો પાવર બંધ થવા બાબતનો ફોન આવે છે ત્યારે એચટી-૩ પેટાવિભાગીય કચેરી દ્વારા તેમને સંતોષકારક જવાબ આપવામાં આવેજ છે.

૩.૪ સદરકેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા અગાઉ ફોરમમાં કરેલ રજૂઆત મુદ્દા નં ૨.૧ અન્વયે કરાયેલ કાર્યવાહીની વિગતો રજુ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપેલ તે અનુસંધાને અત્રેના ફોરમને ઈમેઈલ તા.૨૮.૦૨.૨૦૨૩ દ્વારા રજુ કરેલ વિગતો મુજબ ૧૧ કેવી સોમનાથ ફીડરમાં તા.૦૧.૦૧.૨૦૧૪ થી તા.૨૭.૦૨.૨૦૨૩ દરમ્યાન એચ.ટી.-૦૩ પેટાવિભાગીય કચેરી દ્વારા વીજસમારકામની કામગીરી કરવામાં આવેલ છે.

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ તેઓના ગ્રાહક નં – ૩૯૯૮૫/૦૦૦૦૨/૧ થી ઘરવપરાશનું વીજજોડાણ સદગુરૂ પાર્ક રીંગ રોડ, રૂડા ઓફીસની બાજુમાં બ્લોક – ૭૧ રાજકોટ ખાતે ધરાવે છે. અરજદારના સદર વિસ્તારમાં વીજપુરવઠો પૂરો પાડતા સોમનાથ ફીડરમાં વારંવાર વીજવિક્ષેપો આવતા હોય, તે અંગે સંલગ્ન પેટાવિભાગીય કચેરી / કસ્ટમર કેર સેન્ટર તેમજ વ્યક્તિગત રીતે રજૂઆત કરવા છતાં, ફરિયાદનું નિરાકરણ આવેલ ન હોવાથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ સદર કેસની સુનાવણી દરમ્યાન અરજદાર દ્વારા રજુ કરાયેલ શહેર વિભાગીય કચેરી નં-૩ ના પત્ર **RCD-3/T-1/COMP/CGRF/4463 Dtd:02-08-2014** મુજબ તા.૨૪.૦૭.૨૦૧૪ ના રોજ ગ્રાહક ફરિયાદ નિવારણ-રાજકોટ ને ઈમેઈલથી ફરિયાદ મોકલાવેલ જે અન્વયે તા.૩૦.૦૭.૨૦૧૪ ના રોજ સંલગ્ન કાર્યપાલક ઈજનેર દ્વારા સદર વિસ્તારની મુલાકાત કરેલ તેમજ સદર અરજદાર સાથે પણ ચર્ચા કરેલ તે અનુસંધાને ભવિષ્યમાં પાવર સપ્લાય ન ખોરવાય તે બાબતે સર્વે કરીને યોગ્ય કાર્યવાહી સત્વરે કરવા માટેની સુચના જવાબદાર અધિકારીને આપવામાં આવેલ છે. વધુમાં આવી ફરિયાદ ભવિષ્યમાં ઉપસ્થિત ન થાય તે અંગે ખાસ તકેદારી લેવામાં આવશે તેની જાણકારી અરજદારને લેખિતમાં આપેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

વધુમાં અરજદાર દ્વારા રજુ કરેલ આધાર-પુરાવા મુજબ તા.૨૦.૦૫.૨૦૧૯ તા.૨૯.૦૫.૨૦૧૯, તા.૩૦.૦૫.૨૦૧૯ ના રોજ પીજીવીસીએલના કસ્ટમરકેરમાં પાવર બંધ અંગેની ફરિયાદ નોંધાવેલ છે. ત્યારબાદ તા.૦૮.૦૬.૨૦૨૦ ના રોજ ઈમેઈલ દ્વારા પીજીવીસીએલ પોર્ટલમાં ફરિયાદ નોંધાવેલ છે, તે મુજબ દિવસમાં થોડો વરસાદ આવતાજ ૦૩ થી ૦૪ કલાક પાવર બંધ રહે છે, સદર પ્રકારનો ફોલ્ટ ૦૫ થી ૦૬ દિવસે વારંવાર ઉભો થાય છે, વધુમાં તેઓના રહેણાંકની સામેની બાજુ ગોંધિયા ફીડર આવેલ છે જેમાં પાવર સપ્લાય અંગેની કોઈ ફરિયાદ હોતી નથી, સદર બાબતે અરજદાર દ્વારા સોમનાથ ફીડરમાં વીજવિક્ષેપની ફરિયાદનું કાયમી ધોરણે નિરાકરણ થાય તે અંગે સામેવાળાને યોગ્ય હુકમ કરવા ફોરમને વિનંતી કરેલ છે.

૪.૩ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા ઉપરોક્ત મુદ્દા નં ૩.૧ થી ૩.૩ મુજબની રજૂઆત કરેલ છે, તે મુજબ ૧૧ કેવી સોમનાથ ફીડરની લંબાઈ ૭.૧ કિમી ને કુલ ૯૩ ટ્રાન્સફોર્મર (કુલ



Scanned with Oken Scanner

૮૧૧૦ કે.વી.એ.) અને સદર ફીડરમાં કુલ ૬૯૩૫ ગ્રાહકોનો કરારીત વીજભાર ૧૧૦૬૦.૫ કી.વૉ. જોડેલ છે.

સદર ફીડરમાં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરેલ છેલ્લા ૦૨ વર્ષના વીજવિક્ષેપોની વિગતો નીચે મુજબ છે.

**Interruption Details Somnath Feeder**

| Sr. No. | Year /Month | 2021 | | | | | | 2022 | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | TT | SF | | ESD / PSD | | | TT | SF | | ESD / PSD | | |
| | | Nos. | Nos. | HH-MM | Nos. | HH-MM | max amp. | Nos. | Nos. | HH-MM | Nos. | HH-MM | max amp. |
| 1 | Jan | 1 | 0 | 0:00 | 6 | 2:11 | 112 | 2 | 0 | 0:00 | 3 | 6:15 | 105 |
| 2 | Feb | 4 | 0 | 0:00 | 0 | 0:00 | 79 | 2 | 0 | 0:00 | 4 | 3:25 | 87 |
| 3 | Mar | 4 | 0 | 0:00 | 2 | 5:55 | 127 | 0 | 0 | 0:00 | 0 | 0:00 | 120 |
| 4 | Apr | 1 | 0 | 0:00 | 0 | 0:00 | 146 | 0 | 0 | 0:00 | 0 | 0:00 | 166 |
| 5 | May | 2 | 0 | 0:00 | 1 | 1:00 | 168 | 1 | 0 | 0:00 | 1 | 5:00 | 190 |
| 6 | Jun | 1 | 0 | 0:00 | 4 | 8:20 | 178 | 1 | 0 | 0:00 | 2 | 0:40 | 195 |
| 7 | Jul | 1 | 0 | 0:00 | 1 | 0:30 | 164 | 1 | 0 | 0:00 | 4 | 1:50 | 152 |
| 8 | Aug | 1 | 0 | 0:00 | 2 | 0:45 | 115 | 0 | 0 | 0:00 | 3 | 0:50 | 133 |
| 9 | Sep | 1 | 0 | 0:00 | 2 | 0:40 | 118 | 0 | 0 | 0:00 | 0 | 0:00 | 194 |
| 10 | Oct | 1 | 0 | 0:00 | 0 | 0:00 | 127 | 3 | 0 | 0:00 | 1 | 0:35 | 136 |
| 11 | Nov | 1 | 0 | 0:00 | 0 | 0:00 | 82 | 3 | 0 | 0:00 | 5 | 2:10 | 89 |
| 12 | Dec | 4 | 0 | 0:00 | 1 | 6:00 | 82 | 0 | 2 | 0:10 | 7 | 7:30 | 81 |

વધુમાં તા.૦૧.૦૧.૨૦૧૪ થી તા.૨૭.૦૨.૨૦૨૩ સુધી એચ.ટી.-૦૩ પેટાવિભાગીય કચેરી દ્વારા સોમનાથ ફીડરમાં વીજસમારકામની કામગીરી નીચે મુજબ કરાયેલ છે.

| Sr. No. | Date | CKM attended | VCross Arms Straightened | Pole Straightened | Earthings Reactivated | Guy Provided /Fixed | Pin Replaced | Disc Replaced | Span Restringing | Detorated Cond. Replaced(span) | Tree Branches Cut | New Jumpers Provided/ Binding Done |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| TOTAL | | 189 | 5 | 6 | 5 | 6 | 85 | 18 | 93 | 3 | 3758 | 2149 |

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વર્ષ ૨૦૧૪ થી ૨૦૨૩ સુધીના ૦૯ વર્ષના સમયગાળામાં ઉપર મુજબ વીજસમારકામની કામગીરી થયેલ છે જે ખૂબ જ ઓછી છે અને અસરકારક તેમજ સર્વગ્રાહી સમારકામ થયેલ હોય તેવું પ્રતિપાદિત થતું નથી અને ૯ વર્ષ સુધી આ પ્રશ્ન હલ થયેલ હોય તેવું જણાતું નથી જેથી અરજદારને હાલની આ અરજી કરવી પડેલ હોય જે ગંભીર બાબત ગણાય વધુમાં સદર ફીડરમાં કુલ કરારીત વીજભાર ૧૧૦૬૦.૫ કી.વૉ. છે જ્યારે જુન-૨૦૨૨ દરમ્યાન મહત્તમ ૧૯૫ એમ્પીયર નોંધાયેલ છે. તેમજ પ્લાન શટ ડાઉન અને ઈમરજન્સી શટડાઉનની સંખ્યા વર્ષ-૨૦૨૧ ની સાપેક્ષમાં વર્ષ-૨૦૨૨ માં વધુ નોંધાયેલ છે. ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતા તેમજ ભવિષ્યના આવનાર લોડ ગ્રોથ ને ધ્યાનમાં રાખીને વીજગ્રાહકોને વીજપુરવઠો સાતત્યપૂર્ણ મળી રહે તે માટે સદર ફીડરમાં જોડાયેલ લોડનું વિભાજન તેમજ ફીડરની લંબાઈ ઓછી થાય તેમજ જરૂરી વીજસમારકામ માટે જરૂરી પોલ ટુ પોલ સર્વે કરીને જરૂરી કાર્યવાહી કરીને કરવાપાત્ર થતી કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરવા પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે. સદર કામગીરી પૂર્ણ થયે અરજદાર તેમજ અત્રેના ફોરમને વિગતવાર અહેવાલ આપવા પીજીવીસીએલ પક્ષકાર ને જાણ કરવામાં આવે છે.



Scanned with Oken Scanner

Joshi Nitin ...

(એન.એચ.જોષી)

સભ્ય (સ્વતંત્ર)

(એન.સી.મકવાણા)

ચેરપર્સન

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, કનક રોડ, ત્રિકોણ બાગ, રાજકોટ – ૩૬૦૦૦૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot



Scanned with Oken Scanner